# સાબરકાંઠા-બનાસકાંઠામાં રમઝાન ઈદની ઉજવણી

## હિંમતનગર, પાલનપુર, મોડાસા, ડીસા, બાયડમાં હિંદુ આગેવાનોએ ઈદગાહ ખાતે આપી શુભેચ્છા




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

સમગ્ર દેશમાં આજે રમઝાન માસનો પવિત્ર તહેવાર પુરો થતા મુસ્લીમ બીરાદરો દ્વારા આજે ઈદુલફીત્રની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભીલોડામાં આજે મુસ્લીમ બિરાદરો દ્વારા ધાધુમથી રમજાન ઈદની ઉજવણી કરી હતી. મોડાસા ખાતે માલુપર રોડ ઉપર આવેલ ઈદગાહમાં તેમજ બાયડના મુસ્લીમ બિરાદરો દ્વારા કબ્રસ્તાન ખાતે આવેલ ઈદગાહમાં ઈદના ખુદબાની નમાઝ અદા કરી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈદની નમાજ અદા કરવામાં આવી હતી. નમાજ બાદ મુસ્લીમ બીરાદરો દ્વારા એકબીજાને ગળેમળીને ઈદની શુભેરછાઓ પાઠવી હતી. જયારે મોડાસા ખાતે રથયાત્રા સમીતી ધ્વારા ઈદની શુભેરછા પાઠવવામાં આવી હતી તે વખતે કોમી એખલાસતાના દર્શન થયા હતા.

રોજાને અરબીમાં સોમ કહે છે, જેનો મતલબ થાય છે રોકવું, પોતાની જાતને કુકર્મ કરતા રોકવી, રોજાનો અર્થ થાય છે કે બંદાએ પોતાની જાતને કામ, ક્રોધ, લોભ, મોહ, દ્વેષ, જેવા દુર્ભાવોથી બચાવવું.રોજા પૂરા થતા ઈદ આવે છે તે દિવસે નમાજ પહેલાં જકાત ઉલ ફિત્ર એટલે કે દાન આપવામાં આવે છે. રમજાન માસમાં કરેલું પુણ્ય સિતેર ગણું મળે છે. આ દિવસે દાનનો મહિમા વધારે હોય છે. આખા મહિનાના ઉપવાસ પૂર્ણ થતા ઈદના દિવસે વિભિન્ન વ્યંજનોનું ભોજન અને પરંપરાગત પરિધાન સાથે મુસ્લિમો બિરાદરો શ્રદ્ધા અને ઉત્સાહથી ઈદની ઉજવણી કરે છે.જેમાં મુસ્લિમ ધર્મગુરુ બાબાસાહેબે ઈદનું ધાર્મિક મહત્વ સમજાવ્યું હતું.

જેમાં આજે બનાસકાંઠા નાં ડીસા શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ગત રાત્રી એ ચાંદ દેખાતા જ પવિત્ર રમજાન માસ પૂર્ણ થયો હતો અને ઈદની ઉજવણી શરૂ કરી હતી. જેમાં ડીસા ની ગવાડી ખાતે આવેલી -સિદ્ધ ઈદગાહ ખાતે સવારથી જ આબાલ વૃદ્ધ સૌ નવા વસ્ત્રોમાં સજજ થઈ ઈદની વિશેષ નમાજ અદા કરી એક મેકને ગળે ભેટી ઈદની મુબારક બાદ પાઠવી હતી. એક બીજાના ઘરે જઈ મુસ્લિમ બિરાદરોએ અરસ-પરસ ઈદની શુભ કામના પાઠવી હતી. તેમજ સૌ કોઈએ ખીર-ખુરજા ખવડાવી મહેમાનોનું સ્વાગત કર્યુ હતું.આ -સંગે ડીસા વિભાગીય પોલીસ વડા એચ,એલ,આહીર અને ડીસા દક્ષિણ પોલીસ ઈન્સ્પેકટર કપિલ ડી, નકુમ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત એક કાર્યક્રમ રખાયો હતો, જેમાં પણ કોમી -એકતા અને એખલાસ નું વાતાવરણ મજબુત બને તે શુભાસય થી`હિંદુ આગેવાનો` નું ઈદગાહ ખાતે નું એક સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું જેમાં આ પવિત્ર -સંગે હિન્દુ આગેવાનો તેમજ ભાજપી અને કોન્ગ્રેસી કાર્યકરો એ પણ મુસ્લિમ બિરાદરો ને ઈદની શુભેચ્છા પાઠવી હતી અને ખીર-ખુરજાની મજા માણી હતી.આમ, ડીસા માં કોમી એખલાસપૂર્વક ઈદના પવિત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર મોડાસા સહિત -ાંતિજ અને ઈડર એમ સમગ્ર જિલ્લામાં મુસ્લીમ બિરાદરોએ આનંદ અને ઉલ્લાસ સાથે ઈદ ઉલ ફિત્રની ઉજવણી કરી હતી. હિંમતનગરમાં મુસ્લીમ બીરાદરોએ ઈદ ઉલ ફિત્રની નમાજ અદા કરી કોમી એખલાસ અને ભાઈચારો કાયમ રહે તેવી દુઆ માંગી હતી. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ મુસ્લીમ બિરાદરોને ઈદ ઉલ ફિત્ર નિમતે ઈદમુબારક પાઠવ્યા હતા.

ડીસા સહીત જીલ્લાભર માં મુસ્લિમ સમાજમાં પવિત્ર ગણાતા રમજાન માસનો અંતિમ રોજો ગઈકાલે પૂર્ણ થયો હતો. મુસ્લિમ બિરાદરોએ રમજાન માસના ૩૦ દિવસ રોજા રાખી અલ્લાહની બંદગી અને નેકી કરી પુણ્યનું ભાથું બાધ્યું હતું. જેમાં આજે સવારે સમગ્ર ડીસા પંથક નાં મુસ્લિમ બિરાદરોએ ગવાડી ખાતે આવેલી ઈદગાહ મિસ્જદમાં ઈદની નમાજ અદા કર્યા બાદ એકબીજાને ગળે મળી ઈદની મુબારક પાઠવી હતી. ઈદ ઉલ ફિત્ર નિમિત્તે મુસ્લિમ વિસ્તારોમાં સર્વત્ર ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો હતો.

ખુદાના બંદાને બૂરાઈથી દૂર રાખીને અલ્લાહની નજીક લઈ જનાર પાક માસ એટલે રમજાન માસ. રમજાન માસમાં વાતાવરણમાં ઘોલાતી અજાન અને એકીસાથ દુવા માટે ઠતા લાખોના હાથ જાણે ખુદા સાથેની મહોબતનો પયગામ આપી રહ્યા હોય તેવી -તીતિ થાય છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આજ રોજ મુસ્લિમ બિરાદરો એ ઈદગાહ માં નમાજ અદા કરી પોતાના પૂર્વજો ને યાદ કર્યા હતા ,અને કબ્રસ્તાન માં પહોચી તેમને પુષ્પાંજલિ અર્પી તેમના માટે પરિવાર નાં વડીલો ને અલ્લાહ જન્નત માં રાખી ,ખુશહાલ બનાવે તેવી ઈબાદત કરી હતી મિસ્જદોમાં નમાજ અદા કર્યા બાદ બાળકો એ પણ ચકરડી ,ચકડોળ અને ખાણ-પાણ ની દુકાનો માં વિવિધ વાનગી નો જયાફ્ત ઉડાવી હતી આમ, ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતપૂિર્ણ રીતે હર્ષોલ્લાસ અને ઉમંગભેર ઈદના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. , ઈદ નાં આ -સંગે વયોવૃદ્ધ ઈસ્માઈલભાઈ નુરી નામના મુસ્લિમ બિરાદરે સહુ કોઈ ને મુબારક આપી`શાયરાના`અંદાજ માં કોમી એકતા ની વાત કરી હતી.

---

# ધાનેરામાં તસ્કરોએ એક જ રાતમાં ત્રણ મકાનના તાળા તોડયા

## તસ્કરોએ એક મકાનમાંથી રૂ. ૫,૯૮,૦૦૦ ની મત્તા ઉઠાવી ગયા જ્યારે બે મકાનના માલિક જાગી જતા ફેરો માથે પડ્યો

ધાનેરા, તા. ૨૯

ધાનેરા પંથકમાં છેલ્લા ઘણા સમયથી તસ્કર ટોળકીએ માથુ ઉંચક્યુ છે. ત્યારે ગત રાત્રિએ તસ્કર ટોળકીએ ધાનેરાની અંબિકા નગર સોસાયટીમાં એક સાથે ત્રણ મકાનના તાળા તોડ્યા હતા. ત્રણ મકાન પૈકી બે મકાનમાં ફેરો માથે પડ્યો હતો. જ્યારે એક મકાનમાંથી રૂ. પોણા છ લાખથી વધુની મત્તા ચોરવામાં સફળ રહ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર ધાનેરામાં અંબિકાનગર સોસાયટીમાં ભગવાનદાસ મેવાડાની માલિકીનું મકાન આવેલુ છે. જ્યાં દિનેશભાઈ છોગારામ જાની પોતાના પરિવાર સાથે ભાડે રહે છે. દરમિયાન ભાડુઆત દિનેશભાઈ છેલ્લા ૧૦ દિવસથી પોતાની બિમાર પુત્રીની સારવાર કરાવવા ગયા હોવાથી મકાન બંધ હાલતમાં હતુ. બસ આજ બંધ મકાનનો લાભ લઈ ગત મોડી રાત્રે તસ્કર ટોળકીએ મકાનને નિશાન બનાવ્યું હતું અને તાળા તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ અંદર રહેલી તિજોરી તોડી તેમાંથી રૂ. ૬૦ હજારની રોકડ રકમ સહિત સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૫,૯૮,૦૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ઉપરાંત તસ્કરોએ આજ સોસાયટીના અન્ય બે રહેણાંક મકાનમાં ચોરી કરવાનો પ્રયાસ કરતા મકાન માલિક જાગી જતા ચોરીનો પ્રયાસ નિષ્ફળ નિવડ્યો હતો. આ ચોરી સંદર્ભે ધાનેરા પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

# બાવળકાઠીયા ગામે ખેડૂત પર કુહાડી વડે હિંસક હુમલો

## ખેરોજ પોલીસે ચાર ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્માના બાવળકાઠીયા ગામે બાજુના પાટડીયા ગામના ચાર ઈસમોએ ખેતરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ખેતર માલિક પર કુહાડી વડે હુમલો કરી ઢોર માર મારતા ખેરોજ પોલીસ મથકમાં ચાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકામાં બાવળ કાઠીયા ગામે બચુભાઈ લાલાભાઈ ડાભીના માલિકીનું ખેતર આવેલું છે. જયાં આજે બચુભાઈ કામ કરી રહ્યા હતા દરમિયાન બાજુના પાટડીયા ગામના ચાર ઈસમોએ બચુભાઈના ખેતરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી બોલાચાલી કરી કુહાડી વડે અચાનક જ હુમલો કરી ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી આથી ઈજાગ્રસ્ત બચુભાઈ મનુભાઈ દાવડા, પ્રવીણ દાવડા, સુરેશ દાવડા અને ભોળાભાઈ દાવડા વિરૂધ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસા તાલુકાના પહાડપુર અને રાણાસૈયદના ગ્રામજનો દ્વારા વીજ કચેરીએ હોબાળો

## છેલ્લા ૭ દિવસથી અંધારપટમાં જીવતા ગ્રામજનો



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા તા.૨૮

મોડાસા તાલુકાની હદમાં આવતા ચોપડા ગામ અને રાણાસૈયદ વિસ્તારના ગ્રામજનો દ્વારા ગઈકાલે વિજ કચેરીનો ઘેરાવ કરી હોબાળો મચાવ્યો હતો.


૧૦ દિવસ પહેલા મોડાસા તાલુકામાં એક સાથે ૧૦ ઈંચ જેટલો વરસાદ પડવાને કારણે ચોપડા ગામમાં આવેલ ડી.પી ધરાશઈ થઈ ગઈ હતી, જેને પગલે છેલ્લા ૭ દિવસથી ચોપડા ગામના ગ્રામજનો અને રાણાસૈયદ વિસ્તારના રહીશોને અંધારપટમાં રહેવાનો વારો આવ્યો હતો ત્યારે ગ્રામજનો ધ્વારા આ બાબતે લેખિત અને મૌખીક રીતે જાણ કરવા છતા યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓના પેટનું પાણી ન હલતા ગઈકાલે ગ્રામજનો દ્વારા વીજ કચેરીનો ઘેરાવો કરી હોબાળો મચાવવામાં આવ્યો હતો અને સત્વરે વીજ પુરવઠો પુરો પાડવા માંગણી કરી હતી ત્યારે ઉશ્કેરાયેલા લાકોએ કચેરીનો દરવાજો બંધ કરી દઈ હલ્લાબોલ મચાવતા અને સુત્રોચ્ચાર કરતાં વાતાવરણમાં તંગદીલી ફેલાઈ ગઈ હતી.

# હિંમતનગરમાં વાહન ચેકિંગમાં બાઈક સાથે પકડાયેલા બંને યુવાનોએ ૫ સોનાના દોરા તોડયા હોવાનું કબુલ્યું

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં છેલ્લા ૬ મહિનામાં સમયાંતરે અજાણ્યા બાઈક ચાલકો દિવસે, મોડી સાંજે અને રાત્રિ દરમિયાન રોડ પર જઈ રહેલી મહિલાઓના ગળામાંથી સોનાના દોરાની તડફંચી કરી લઈ ગયાના ગુના હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે નોંધાયા છે ત્યારે હિંમતનગર એ ડીવીઝન પોલીસે વાહન ચેકીંગ દરમિયાન સહકારી જીન ચાર રસ્તેથી બે યુવાનોને પલ્સર બાઈક સાથે રવિવારે સાંજે પકડયા હતા અને પૂછપરછ કરતા તેમણે શહેરમાં ૫ સોનાના દોરા તોડયા હોવાનું કબુલ્યું હતું. બંનેને સોમવારે સાંજે કોર્ટમાં રજુ કરતા કોર્ટે બંને આરોપીને સબજેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. પોલીસે મુદ્દામાલ કબજે લેવાની કાર્યવાહી હાથ ધરી છે.

વિગત એવી છે કે હિંમતનગર એ ડીવીઝન પોલીસ સહકારી જીન ચાર રસ્તે રવિવારે સાંજે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે કાળા કલરના પલ્સર અને આગળ નંબર લખેલ અને પાછળ નંબર પ્લેટ જ ન હતી જેથી પોલીસે બંને લબર મુછીયા યુવાનને પકડી પાડી સઘન પુછપરછ હાથ ધરતા તેમણે ૫ સોનાના દોરા છેલ્લા ૪ મહિનમાં મહિલાના ગળામાંથી તોડયા હોવાનું કબુલ્યું હતું. જેમાં પ્રાંતિજના ભોઈવાડામાં રહેતો ધો-૭ સુધી અભ્યાસ કરેલો ૨૦ વર્ષીય અતુલ રાજુભાઈ ભોઈ જે પોતાનું પલ્સર બાઈક નં. જીજે-૯-સીએલ-૪૪૯૧ ચલાવતો ને માત્ર આગળ જ નંબર પ્લેટ રાખતો હતો પાછળ નહિ અને તેની પાછળ તાલુકાના અમીનપુર ગામનો રહેવાસી ધો-૯ સુધી અભ્યાસ કરેલ ૧૯ વર્ય અજીત ઉર્ફે ભાથીજી બાપુજી મકવાણા મહિલાના ગળામાંથી સોનાના દોરા તોડતો હતો. આ બંને યુવાનોમાં અજીત ઉર્ફે ભાથીજી મકવાણા જુગાર રમવા જોઈતા પૈસા માટે અને અતુલ ભોઈ પોતાના મોજશોખ માટે આ પ્રવૃત્તિ કરતા હતા. પોલીસે પકડાયેલ બંનને સોમવારે સાંજે કોર્ટમાં રજુ કરતા બંનેને સબજેલમાં મોકલી આપવાનો હુકમ કોર્ટે કર્યો હતો તો બીજી તરફ પોલીસે કબુલેલ ૫ સોનાના દોરાનો મુદ્દામાલ કબજે લેવાની કાર્યવાહી હાથ ધરી છે.



ઉત્તરપ્રદેશના ભિંડ જિલ્લાના સીંગીરામ ખાતે આવેલ મહાકાળેશ્વર મહાદેવથી ગંગાજળ ભરેલા કાવડ સાથે સોમનાથ ખાતે પગપાળા જઈ રહેલા યુવાનો રવિવારે ડીસા આવી પહોચ્યા હતા. જયાં શહેરના નવા બસ સ્ટેન્ડ ખાતે શહેરના ભૈયાજીઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે શહેરમાં કલરકામ કરતી મણીલાલ બારોટ, અશોકસિંહ રાજાવત, રાહુસિંહ રાજાવત, રઘુવીરસિંહ વાઘેલા સહિત ઉત્તરપ્રદેશના યુવાનો હાજર રહી તેમનું સન્માન અને પગપાળા યાત્રા શુભ નિવડે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. (તસવીર : કાન્તીલાલ, ડીસા)


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦